૪૨/પાનું

૨૦ વર્ષ જૂના હળપતિ આવાસોની બાંધકામની કામગીરી માટે ટેન્ડરીંગપ્રથા દૂર કરી ઈન્દિરા આવાસ યોજનાના ધોરણે આવાસના બાંધકામની મંજૂરી આપવા બાબત

# ગુજરાત સરકાર

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : હગય/૧૦૨૦૧૪/૧૭૮૩/લ (૫૫૪૫)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭/૧૦/૨૦૧૫

વંચાણે લીધા :

(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨/૪/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક : બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતીવિષયક/૧૦૧૧૬૮/લ
(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૯/૮/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક : બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતીવિષયક/૧૦૧૧૬૮/લ
(૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૫/૯/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક : બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતીવિષયક/૧૦૧૧૬૮/લ
(૪) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૫/૯/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતીવિષયક/લ
(૫) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૩૧/૩/૨૦૧૫ નો–ઠરાવ–ક્રમાંક:બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતીવિષયક/લ

પ્રસ્તાવના :–

ઉપરોક્ત વંચાણ–(૧) ઠરાવ ધ્વારા રાજયના હળપતિ સમાજના આવાસ વિહોણા ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા બીપીએલ કુટુંબો માટે તેમજ આ સમાજના વર્ષ ૧૯૮૮ થી ૧૯૯૦ દરમ્યાન બનાવવામાં આવેલ પરંતુ હાલમાં અત્યંત જર્જરીત અવસ્થાના આવાસોને પુનઃ નવેસરથી બનાવવા સારુ સરકારશ્રી ધ્વારા નીતીવિષયક નિર્ણય લેવામાં આવેલ છે. વંચાણ(૪) ના ઠરાવથી હળપતિ આવાસ યોજનાની યુનીટ કોસ્ટમાં વધારો કરીને રૂા.૭૦,૦૦૦/– કરવામાં આવેલ છે. ૨૦ વર્ષ જૂના ૧૨,૭૭૯ આવાસો કે જેના બાંધકામની કામગીરી રાજયની જિલ્લા પંચાયત / તાલુકા પંચાયતોને સોંપવામાં આવેલ છે પરંતુ આ આવાસોના બાંધકામમાં પડતી મુશ્કેલીઓના કારણે આ આવાસો બાંધી શકાયેલ ન હતા. જેના લીધે આ તમામ આવાસો આ યોજનામાં ટેન્ડરીંગ પ્રથાને દૂર કરી ઈન્દિરા આવાસ યોજનાના ધોરણે બાંધકામ કરવા માટેની બાબત વિચારણા હેઠળ છે.

ઠરાવ :-

કાળજીપૂર્વકની વિચારણાના અંતે ૨૦ વર્ષ જૂના હળપતિ જાતિના લાભાર્થીઓના ઉપરોકત જણાવેલ આવાસોની યોજના નીચેની શરતો / બાબતોને ધ્યાને લઈ ઈન્દિરા આવાસ યોજનાના ધોરણે રાજયની જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત મારફત અમલીકરણ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ઈન્દિરા આવાસ યોજનામાં આવાસદીઠ સહાયનું ધોરણ રૂા.૭૦,૦૦૦/- છે અને હળપતિ આવાસ યોજના માટે આવાસદીઠ સહાયનું ધોરણ રૂા.૭૦,૦૦૦/- હોઈ ઈન્દિરા આવાસ યોજનાના ધોરણે તેમજ સદર આવાસ યોજનાની ચૂકવણા પધ્ધતિ અનુસાર હળપતિ લાભાર્થીઓ પોતે જ પોતાના આવાસનું બાંધકામ કરવાનું રહેશે.

(૨) ઈન્દિરા આવાસ યોજનાની કોઈ ચોકકસ ટાઈપ ડીઝાઈન નથી અને લાભાર્થી પોતાની જરૂરિયાત મુજબ મકાન બનાવે છે. જેમાં ઓછામાં ઓછું ૨૦ ચો.મી. ની પ્લીન્થ હોવી જોઈએ. આવાસ સાથે શૌચાલયનું બાંધકામ ફરજિયાત છે અને આ મકાન ૩૦ વર્ષ સુધી ટકી શકે તેવું હોવું જોઈએ તેવી જોગવાઈ ઈન્દિરા આવાસ યોજનામાં કરવામાં આવેલ છે. માટે હળપતિ આવાસ યોજનામાં પણ આ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(3) સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ રૂા.૧૨,૦૦૦/- ની સહાય શૌચાલયના બાંધકામ માટે મળવાપાત્ર છે. તેથી સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ની જોગવાઈઓના પાલનની શરતે આ યોજનાના સંબંધિત અધિકારી / કચેરી સાથે સંકલન કરી આ સહાય મેળવવાની રહેશે.

(૪) મહાત્મા ગાંધી મરેગા યોજનામાં લાભાર્થીને આવાસના બાંધકામ માટે ૯૦ દિવસની મજૂરી પેટે રૂા.૧૬,૦૨૦/- મળવાપાત્ર છે તેથી મહાત્મા ગાંધી મરેગા યોજનાને લાગુ કરનાર અધિકારી / કચેરી સાથે સંકલન કરી તે યોજનાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરી હળપતિ આવાસ યોજનાના લાભાર્થીને મહાત્મા ગાંધી મરેગા યોજનાનો લાભ અપાવવાનો રહેશે. આ ઉપરાંત જો શૌચાલયના બાંધકામ માટે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજનામાંથી સહાય ન મળતી હોય તો અને ગ્રામ પંચાયત ODF (OPEN DEFECATION FREE) કરવા માટે બાંહેધરી આપતી હોય તો રૂા.૧૨,૦૦૦/- ની સહાય મનરેગા યોજના હેઠળ પ્રાપ્ત થાય છે તે મેળવી કાર્યવાહી કરવી.

ઉપરોકત શરતોને ધ્યાને લઈને રાજયની તમામ જિ.પં. /તા.પં. એ ઈન્દિરા આવાસ યોજનાના ધોરણે આ યોજનાનું અમલીકરણ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફતે અને તેઓશ્રી ધ્વારા વખતવખત આ યોજના સંદર્ભે આપવામાં આવતી સૂચનાઓને ધ્યાને લઈને કરવાનું રહેશે.

પ્રસ્તુત ઠરાવમાં વંચાણે લીધેલ- (૧) થી (૫) ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૯/૧૦/૨૦૧૫ ની નોંધ પરની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઈ.એમ.શેખ)
સંયુકત સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (પં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (પં.) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- નાણાંકય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ